CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૨ જૂન, ૨૦૨૬ 



# સૂર્યની શક્તિથી હરિયાળું ભવિષ્ય

## પ્રેરણારૂપ મોડેલ

ગ્રીન એનર્જી પ્રતિબદ્ધતાને નવી ઓળખ આ પહેલ શહેરના ૨૦૫૦ સુધી 'નેટ ઝીરો' બનવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવામાં સહાયક બનશે. વધતી જતી ઊર્જાની માંગ અને પર્યાવરણીય પડકારો વચ્ચે આ પ્રકારના પ્રોજેક્ટ્સ ભવિષ્યના સ્માર્ટ શહેરોની દિશા દર્શાવે છે. વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ જેવા મહત્વના કાર્યક્રમોની પૂર્વભૂમિકામાં વડોદરાના સોલાર ટ્રી રાજ્યની ગ્રીન એનર્જી પ્રતિબદ્ધતાને નવી ઓળખ આપી રહ્યા છે. સૂર્યની અખૂટ શક્તિને શહેરી વિકાસ સાથે જોડતો આ પ્રયોગ આવનારા સમયમાં અન્ય શહેરો માટે પણ પ્રેરણારૂપ મોડેલ બની શકે છે.

**50,000,00** રૂપિયાની ઊર્જા બચત

**15.4** કિલોવૉટ ક્ષમતા

**6,000,00** યુનિટ ઊર્જા પેદા કરી શકાય

# 'સોલાર ટ્રી' બની રહ્યા છે 'ગ્રીન ક્રાંતિ'ના પ્રતીક

**32** વધુ સોલાર ટ્રી મૂકાશે

## શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ આઠ સોલાર ટ્રી કાર્યરત : 500 ટન કાર્બન ડાયોક્સાઇડ સંતુલિત કરાશે

શહેરના બગીચાઓ અને જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવેલા 'સોલાર ટ્રી' માત્ર વીજળી ઉત્પન્ન કરવાના સાધન નથી, પરંતુ સ્વચ્છ ઊર્જા, આધુનિક શહેરી આયોજન અને પર્યાવરણ જાગૃતિનું જીવંત પ્રતિક બની રહ્યા છે. કુદરતી વૃક્ષોની આકૃતિ ધરાવતા આ સોલાર ટ્રીમાં સૂર્ય ઊર્જા એકત્ર કરવા માટે વિશિષ્ટ રીતે ગોઠવાયેલા સોલાર પેનલો લગાવવામાં આવ્યા છે. લગભગ ૧૧ ચોરસ મીટર વિસ્તાર ધરાવતું દરેક સોલાર ટ્રી ૧૫.૪ કિલોવોટ ક્ષમતાથી વીજળી ઉત્પન્ન કરે છે. તેની રચના એવી રીતે કરવામાં આવી છે કે તે મુલાકાતીઓને છાંયો અને બેસવાની સુવિધા પણ આપે છે, જેના કારણે બગીચાઓમાં તેની ઉપયોગિતા વધુ વધી જાય છે. હાલમાં હરણી સ્કલ્પચર પાર્ક, ગોત્રી ગાર્ડન અને કમાટી બાગ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૮ સોલાર ટ્રી કાર્યરત છે. આ પ્રયોગથી જાહેર સ્થળોને માત્ર સૌંદર્ય જ નથી મળતું, પરંતુ તે લોકોમાં નવીનીકરણીય ઊર્જા પ્રત્યે જાગૃતિ પણ ફેલાવે છે. એક સોલાર ટ્રી તેના ૨૫ વર્ષના આયુષ્ય દરમિયાન અંદાજે ૬ લાખ યુનિટથી વધુ સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરી શકે છે. આ ઊર્જા ઉત્પાદન દ્વારા લગભગ ૫૦૦ ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનને સંતુલિત કરી શકાય છે, જે પર્યાવરણ માટે અત્યંત મહત્વપૂર્ણ યોગદાન છે. આ ઉપરાંત, એક સોલાર ટ્રીથી આશરે ૫૦ લાખ રૂપિયાની ઊર્જા બચત થવાનો અંદાજ છે. પર્યાવરણીય દૃષ્ટિએ તેની અસર દર વર્ષે લગભગ ૭૫૦ વૃક્ષો વાવવા જેટલી ગણવામાં આવે છે. એટલે કે સોલાર ટ્રી માત્ર ઊર્જા ઉત્પાદનનું સાધન નહીં, પરંતુ ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂત સ્તંભ તરીકે પણ ઉભરી રહ્યા છે. વડોદરા શહેર આગામી સમયમાં કુલ ૩૨ સોલાર ટ્રી સ્થાપિત કરવાની યોજના પર કામ કરી રહ્યું છે.

**શિખરો સર કરતી શક્તિ । દીકરીઓએ લખ્યો સાહસ અને સશક્તિકરણનો નવો ઈતિહાસ**



# 17,350 ફૂટની ઊંચાઈએ 'મિશન શક્તિ'નો વિજયધ્વજ

## સાહસની ઊંચાઈએ મહિલા સશક્તિકરણનો સંકલ્પ

ભારતની દીકરીઓ હવે માત્ર સપનાઓ જોતી નથી, પરંતુ તેને હકીકતમાં પણ પરિવર્તિત કરી રહી છે. એવરેસ્ટ વિજેતા અને એવરેસ્ટર નિશા સ્કિલ ફાઉન્ડેશન (ENSF) ની સ્થાપિકા એવરેસ્ટર નિશા કુમારીના નેતૃત્વ હેઠળ આયોજિત "મિશન શક્તિ - ઓલ ગર્લ્સ ફ્રેન્ડશિપ પીક અભિયાન 2026" એ તેનો જીવંત પુરાવો પૂરું પાડ્યો છે. હિમાચલ પ્રદેશની પીર પંજાલ પર્વતમાળામાં આવેલા 17,350 ફૂટ ઊંચા ફ્રેન્ડશિપ પીક પર સફળ સમિટ કરીને યુવતીઓએ સાહસ, આત્મવિશ્વાસ અને અદમ્ય ઈચ્છાશક્તિનું અનોખું પ્રદર્શન કર્યું છે.બરફથી ઢંકાયેલા જોખમી માર્ગો, સતત બદલાતું હવામાન, ઓક્સિજનની ઓછી માત્રા અને કપરા ચઢાણ વચ્ચે ટીમે જે ધીરજ અને શિસ્ત દર્શાવી તે માત્ર એક પર્વતારોહણ અભિયાન નહીં, પરંતુ મહિલા સશક્તિકરણનું જીવંત પ્રતીક બની રહ્યું. આ અભિયાનમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલી યુવતીઓએ ભાગ લઈને સાબિત કર્યું કે મજબૂત મનોબળ અને યોગ્ય માર્ગદર્શન હોય તો કોઈ પણ શિખર અશક્ય નથી.


### યુવતીઓએ આત્મવિશ્વાસ અને સંકલ્પનો સંદેશ આપ્યો



## 'ફિટ ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા'થી ક્લાઈમેટ એક્શન સુધીનો સંદેશ

મિશન શક્તિનો હેતુ માત્ર શિખર સર કરવાનો નહોતો. આ અભિયાન દ્વારા યુવતીઓમાં ફિટનેસ, નેતૃત્વ, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને સાહસિક પ્રવૃત્તિઓ પ્રત્યે રસ જગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અભિયાન દરમિયાન "Change Before Climate Change", "Fit India, Green India", "મહિલા સશક્તિકરણ દ્વારા સાહસ" અને "ફિટનેસ તથા પર્યાવરણ જાગૃતિ" જેવા મહત્વપૂર્ણ સંદેશાઓ સમગ્ર દેશમાં પહોંચાડવામાં આવ્યા.ટીમમાં એવરેસ્ટર નિશા કુમારી ઉપરાંત આરતી લાખોટરા, પ્રાચી અગ્રવાલ, પ્રાચી જયસિંહ, અવની ભટ્ટ, બંસી પટેલ, ધ્વનિ બલાણી, વિશ્વા કનેરિયા, વિશ્વા કાકડિયા, દિવ્યા રાઠવા, રમ્યા ચિલુવરી અને સ્નેહા ચાક જેવી યુવતીઓનો સમાવેશ થયો હતો. જેમાં આરતી લાખોટરા અને પ્રાચી અગ્રવાલે એવરેસ્ટર નિશા કુમારી સાથે સફળતાપૂર્વક ફ્રેન્ડશિપ પીક સમિટ પૂર્ણ કરીને અભિયાનને ઐતિહાસિક સફળતા અપાવી.એવરેસ્ટર નિશા કુમારીના શબ્દોમાં, "મિશન શક્તિ માત્ર પર્વત સર કરવાની યાત્રા નથી, પરંતુ યુવતીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ, શિસ્ત અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી વિકસાવવાનો પ્રયાસ છે."


## દીકરીઓ સંકલ્પ સાથે આગળ વધે છે, ત્યારે શિખરો પણ તેમના પગલાં નીચે નમન કરે છે



**એક શીટ... અનેક કહાનીઓ**







## વડોદરામાં પ્રદર્શન નિહાળવાનો એક અનોખો અવસર

# 'થ્રી સી' કલાપ્રદર્શનમાં કલ્પનાશક્તિનું જીવંત પ્રદર્શન

વડોદરાના કલા રસિકો માટે એક અનોખું અને સર્જનાત્મક આકર્ષણ બની રહેલું 'THREE CEE (થ્રી સી) - Corrugated Craft Creations' નામનું કલા પ્રદર્શન હાલ શહેરમાં ચર્ચાનો વિષય બન્યું છે. નામ જેટલું વિશિષ્ટ છે, એટલી જ વિશિષ્ટ તેમાં રજૂ થતી કલાકૃતિઓ પણ છે. સામાન્ય રીતે પેકિંગ બોક્સ બનાવવા માટે વપરાતી કોરુગેટેડ શીટ્સને કલાત્મક અભિવ્યક્તિનું માધ્યમ બનાવી કલાકારોએ સર્જનાત્મકતાનો અદભૂત નમૂનો રજૂ કર્યો છે. શ્રી આદિત્ય ફાઈન આર્ટ્સ (SAFA) ના આશરે 30 કલાકારો અને વિદ્યાર્થીઓએ મળીને 50થી વધુ કૃતિઓ તૈયાર કરી છે. ઔદ્યોગિક ઉપયોગમાં આવતી લહેરીયુક્ત કોરુગેટેડ શીટ્સમાંથી વિવિધ વિષયો પર અનોખી કલારચનાઓ સર્જવામાં આવી છે, જે દર્શકોને કલાના નવા આયામોથી પરિચિત કરાવે છે. આ સમગ્ર પ્રદર્શનની સંકલ્પના, માર્ગદર્શન અને ક્યુરેશન SAFAના સ્થાપક અને કલાગુરુ રાજેન્દ્ર દિન્ડોરકરે કર્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ કલાકારો અને વિદ્યાર્થીઓએ પરંપરાગત કલામાધ્યમોથી અલગ દિશામાં સર્જનાત્મક પ્રયોગો કરીને કલાને નવી ઓળખ આપવાનો પ્રયાસ કર્યો છે. પ્રદર્શનમાં દીવાદાંડી, નૃત્ય કરતી છોકરી, સંગીતકારો, લેન્ડસ્કેપ, હનુમાનજી, ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામ, રવીન્દ્રનાથ ટાગોર, ચાર્લી ચેપ્લિન અને આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા મહાનુભાવોના પોર્ટ્રેટ્સ ઉપરાંત પ્રાકૃતિક દૃશ્યો, સ્થાપત્ય, બાળકો, પ્રાણીઓ અને ધુમાડો છોડતી ટ્રેન જેવી અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી છે. દરેક કૃતિમાં કોરુગેટેડ માધ્યમનો કલાત્મક ઉપયોગ દર્શકોને આશ્ચર્યચકિત કરી દે એવો છે. કોરુગેટેડ આર્ટ આધારિત આ પ્રકારનું વિશિષ્ટ પ્રદર્શન કલા જગતમાં ભાગ્યે જ જોવા મળે છે. તેથી 'થ્રી સી' માત્ર એક પ્રદર્શન નહીં પરંતુ કલામાં નવા પ્રયોગો અને સર્જનાત્મક સંભાવનાઓનું જીવંત ઉદાહરણ બની રહ્યું છે. આ પ્રદર્શન 7 જૂનથી 14 જૂન, 2026 દરમિયાન દરરોજ સાંજે 4:30 થી 7:30 વાગ્યા સુધી જનતા માટે વિનામૂલ્યે ખુલ્લું રહેશે. કલા પ્રેમીઓ માટે વેદિકા આર્ટ ગેલેરી, વેદ ટ્રાન્સક્યુબ પ્લાઝા, સેન્ટ્રલ બસ ડેપો, વડોદરા ખાતે યોજાયેલું આ પ્રદર્શન નિહાળવાનો એક અનોખો અવસર છે.



